


## Hello Kids.

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



# ચતુર વાંદરો અને મગર: એક બુદ્ધિની રમત

વારતા રે વારતા

ઘણા સમય પહેલાંની વાત છે. એક ઘટાદાર નદી કિનારે જામુનનું એક ખૂબ જ મોટું અને ફળદ્રુપ ઝાડ હતું. તે ઝાડ પર 'ગપ્પલુ' નામનો એક વાંદરો રહેતો હતો. ગપ્પલુ ખૂબ જ સમજદાર અને આનંદી હતો. તે આખો દિવસ જામુનના મીઠા ફળો ખાતો અને નદીના શાંત પાણીને જોયા કરતો. તે જ નદીમાં એક મગર રહેતો હતો, જેનું નામ હતું 'મગરૂ'.

ધીરે-ધીરે ગપ્પલુ વાંદરા અને મગરૂ વચ્ચે મિત્રતા થઈ ગઈ. ગપ્પલુ ઝાડ પરથી પાકા અને મીઠા જામુન તોડીને મગરૂ માટે નીચે ફેંકતો. બંને મિત્રો કિનારે બેસીને વાતો કરતા અને મજા કરતા. મગરૂ રોજ કેટલાક જામુન પોતાની પત્ની માટે ઘરે લઈ જતો. મગરૂની પત્નીને પણ તે જામુન ખૂબ જ ભાવતા.

**એક દિવસ મગરૂની પત્નીએ વિચાર્યું, "જો આ વાંદરો રોજ આટલા મીઠા જામુન ખાય છે, તો તેનું હૃદય કેટલું મીઠું હશે!" તેણે મગરૂને હઠ કરીને કહ્યું, "મારે તો તે વાંદરાનું હૃદય જ ખાવું છે. તું તેને કાલે ઘરે જમવા માટે બોલાવી લાવ." મગરૂ પહેલા તો ખૂબ અચકાયો, પણ પત્નીની જીદ આગળ તે નમતું જોખવા મજબૂર થયો**

એક દિવસ મગરૂની પત્નીએ વિચાર્યું, "જો આ વાંદરો રોજ આટલા મીઠા જામુન ખાય છે, તો તેનું હૃદય કેટલું મીઠું હશે!" તેણે મગરૂને હઠ કરીને કહ્યું, "મારે તો તે વાંદરાનું હૃદય જ ખાવું છે. તું તેને કાલે ઘરે જમવા માટે બોલાવી લાવ." મગરૂ પહેલા તો ખૂબ અચકાયો, પણ પત્નીની જીદ આગળ તે નમતું જોખવા મજબૂર થયો.

બીજે દિવસે મગરૂ કિનારે પહોંચ્યો અને ગપ્પલુને કહ્યું, "મિત્ર, આજે તારે મારા ઘરે જમવા આવવું જ પડશે. મારી પત્ની તને મળવા માટે ખૂબ આતુર છે." ગપ્પલુ પોતાના મિત્ર પર પૂરો વિશ્વાસ કરતો હતો, તેથી તે રાજીખુશીથી મગરની પીઠ પર બેસી ગયો.

જેવા તેઓ નદીની વચ્ચે પહોંચ્યા, મગરૂએ થોડો ગભરાઈને કહ્યું, "મિત્ર, મારે તને એક સત્ય વાત કહેવી પડશે. મારી પત્નીને તારું હૃદય ખાવું છે, એટલા માટે હું તને ઘરે લઈ જઈ રહ્યો છું."

ગપ્પલુ તો આ સાંભળીને હેબતાઈ ગયો! તેનું મગજ ખૂબ તેજ હતું. તેણે વિચાર્યું કે જો તે ગભરાઈ જશે તો મર્યા વગર છૂટકો નથી. તેણે શાંતિથી કહ્યું, "અરે મગરૂભાઈ! તમે મને પહેલા કેમ ન કહ્યું? આપણે તો મિત્રો છીએ. મારું હૃદય તો હું ઝાડની ડાળી પર જ મૂકી આવ્યો છું. આપણે પાછા કિનારે જવું પડશે, જેથી હું તે લઈ આવું."

મગરને તો એમ થયું કે વાંદરો સાચું બોલે છે. તે તરત જ પાછો કિનારે વળ્યો. કિનારે પહોંચતા જ ગપ્પલુ વીજળીની ઝડપે કુદકો મારીને ઝાડ પર ચડી ગયો અને જોરથી હસતા બોલ્યો, "મૂર્ખ મગર! શું કોઈ પોતાનું હૃદય શરીરમાંથી કાઢીને ઝાડ પર રાખે ખરું? તેં મારી મિત્રતાનો દગો કર્યો છે, હવે આપણે ક્યારેય સાથે નહીં રહીએ."

મગરૂ પસ્તાવો કરતો રહ્યો, પણ હવે ઘણું મોડું થઈ ગયું હતું. ગપ્પલુ પોતાની બુદ્ધિના જોરે બચી ગયો હતો.

# મોટા વિમાનોમાં ફ્યુઅલની ટાંકી ક્યાં હોય છે




સામાન્ય રીતે દરેક વાહનોમાં પેટ્રોલ, ડીઝલ અથવા કેટલાક વાહનોમાં સીએનજી હોય છે જે ગેસથી ચાલે છે. એવી જ રીતે વિમાનોમાં પણ પ્રવાહી બળતણની જરૂર પડતી હોય છે. અને તેમાં ફરક માત્ર એટલો છે કે મુસાફરોને લઈ જતા મોટા એરક્રાફ્ટના ઈંધણ ક્ષમતા ઘણી વધારે છે. સરળ ભાષામાં સમજીએ તો એરબસ કે જમ્બો બોઈંગની ટાંકીમાં જેટલા તેલનો ઉપયોગ થાય છે તેનાથી 6 થી 8 હજાર કારની ટાંકી ભરી શકાય છે. અને વિમાનમાં જે ઈંધણ નાખવામાં આવે છે તે નથી તો પેટ્રોલ હોતું કે નથી ડીઝલ હોતું. તે રંગ વગરનું અને સરળતાથી બળી શકે તેવું કેરોસીન આધારિત ઈંધણ હોય છે.

તમને જાણીને નવાઈ લાગશે કે મોટાભાગના કમર્શિયલ વિમાનો માટેની ઈંધણની ટાંકી તેના પાંખડામાં અને બીજું તેના પાછળના ભાગે આવેલી હોય છે. અને તેના પાંખડામાં જ ટાંકી ગોઠવવામાં આવેલી હોય છે અને તેમાં સેંકડો લીટર ઈંધણ સમાઈ શકે છે. તમને એ જાણીને નવાઈ લાગશે કે પ્લેનમાં ઈંધણ માટેની ટાંકી આ રીતે કેમ બનાવી હશે.

વિમાન વજન વિતરણ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ હોય છે. પાંખો વિમાનના ગુરુત્વાકર્ષણ કેન્દ્રની નજીક સ્થિત હોય છે. પાંખોમાં ભારે બળતણ સંગ્રહિત કરવાથી વિમાન ટેકઓફ, ક્રુઝિંગ અને લેન્ડિંગ દરમિયાન નોંધપાત્ર રીતે વધુ સારું સંતુલન અને સ્થિરતા જાળવી શકે છે. જો ઉડાન દરમિયાન બળતણનો ઉપયોગ કરવામાં આવે તો વિમાનની આગળ અથવા પાછળના ભાગે ઈંધણ રાખવાથી સંતુલનમાં ખતરનાક ફેરફારો થઈ શકે છે. ઉડાન દરમિયાન, લિફ્ટ ફોર્સ પાંખોને ઉપર તરફ ધકેલે છે. તે સમયે વિમાનનું વજન નીચે તરફ ખેંચાય છે. પાંખોની અંદર રાખવામાં આવેલ ઈંધણ પ્રતિ-ભાર તરીકે કાર્ય કરે છે, જે આ બળોને કારણે થતા તણાવને ઘટાડે છે. ફ્યુઝલેજ મુસાફરો, માલસામાન અને સામાન લઈ જવા માટે રચાયેલ છે. આ જગ્યાથી બળતણ દૂર રાખવાથી મહત્તમ વ્યાપારી ઉપયોગ શક્ય બને છે.



## હેપ્પી બર્થડે



નામ : યુગ ચૌધરી
માતા : પ્રિયંકા ચૌધરી



નામ : દક્ષિતા ભીસે
માતા : પૂજા ભીસે

## રસ્તો શોધો



## તફાવત શોધો



## ટપકાં જોડો



## શબ્દો પૂરો




## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

Q1 ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 5 | | 7 | | 9 | | 2 | = | 05 |
| 2) | 5 | | 7 | | 9 | | 3 | = | 23 |
| 3) | 5 | | 7 | | 3 | | 2 | = | 08 |

### CHANGE THE WORD

Q2 આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| C | A | N |
| | | |
| | | |
| P | U | T |

### CHHOTA SUDOKU

Q3 આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 7 | | |
| | 9 | |
| | | 3 |

વર્તુળો: 30, 24, 20, 18

### BROKEN WORDS

Q4 નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને જુદા જુદા 7 પ્રાણીઓના નામ શોધો

| | | | |
|---|---|---|---|
| EEO | MBS | BB | MO |
| RSE | ON | LI | GS |
| NK | RA | SH | LA |
| PI | EY | HO | ITS |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 2 |
| 5 અક્ષર | 3 |
| 6 અક્ષર | 1 |
| 7 અક્ષર | 1 |

જવાબ
1. PIGS
2. LION
3. HORSE
4. LAMBS
5. SHEEP
6. MONKEY
7. RABBITS

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 5 | + | 7 | - | 9 | + | 2 | = | 05 |
| 2) | 5 | × | 7 | - | 9 | - | 3 | = | 23 |
| 3) | 5 | + | 7 | ÷ | 3 | × | 2 | = | 08 |

Q2

| | | |
|---|---|---|
| C | A | N |
| C | A | T |
| C | U | T |
| P | U | T |

Q3

| | | |
|---|---|---|
| 7 | 6 | 5 |
| 8 | 9 | 4 |
| 1 | 2 | 3 |

વર્તુળો: 30, 24, 20, 18